સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અપર પ્રાથમિક શાળાઓમાં નિમાયેલ વિદ્યાસહાયક/પ્રાથમિક શિક્ષકોના પગારની ચૂકવણીની કાર્યપદ્ધતિ નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૦/સીંગલફાઇલ-૨૧/ક
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૪ /૧૨/૨૦૧૦

<u>વંચાણે લીધા</u>-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૫/૪/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૫/૫/૨૦૧૦ નો પત્ર ક્રમાંકઃપીઆરઇ-૧૪૨૦૧૦-૨૪૨૦૭૬-ક
(૩) સર્વ શિક્ષા અભિયાન કચેરી, ગાંધીનગરની સીંગલ ફાઇલ ક્રમાંકઃએસએસએ/હસબ/ટીચર્સ સેલેરી/૨૦૧૦-૧૧-લ ઉપર તા.૩-૧૧-૨૦૧૦ ના રોજ લેવાયેલ નિર્ણય.

<u>આ મુ ખ</u> -

ભારત સરકારે બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦ અન્વયે ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૧ થી ૭ના બદલે પ્રાથમિક શિક્ષણમાં ધોરણ-૧ થી ૮ નો સમાવેશ કરેલ છે. જેમાં ધોરણ-૧ થી ૫ પ્રાથમિક શિક્ષણ અને ધોરણ-૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણાશે તે મુજબ વંચાણે લીધેલ સંદર્ભ-૧ માં જણાવેલ ઠરાવથી નિર્ણય કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા જુન-૨૦૧૦ માં ધોરણ-૬ થી ૮ માટે ૫૦૦૦ વિદ્યાસહાયકો ગણિત, વિજ્ઞાન વિષય માટે ૫૦૦૦ વિદ્યાસહાયકો અંગ્રેજી વિષય માટે તથા ૨૦૧૦ ના એપ્રિલ-૨૦૧૦ માં નિમાયેલ પી.ટી.સી. લાયકાત ધરાવતા ૫૦૦૦ વિદ્યાસહાયકો મળી કુલ ૧૫૦૦૦ વિદ્યાસહાયકોની ભરતી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં કરવામાં આવેલ છે. સર્વ શિક્ષા અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કુલ ૧૫૦૦૦ શિક્ષકોના પગાર ખર્ચની ગ્રાન્ટ સૌ પ્રથમવાર મંજૂર થયેલ છે.

ઉક્ત શિક્ષકોના પગારની ગ્રાન્ટ સૌ પ્રથમવાર ભારત સરકાર તરફથી ગુજરાત સરકારને મળેલ હોવાથી શિક્ષકોના પગારના ગ્રાન્ટની અન્ય રાજ્યમાં કેવી રીતે ચૂકવણી થાય છે અને તેના યુ.ટી.સી. કેવી રીતે મેળવાય છે તે અંગેની બાબત ધ્યાને લઇ અત્રેના રાજ્યમાં કઇ કાર્યપદ્ધતિ અપનાવવી તે બાબત વિચારણા હેઠળ હતી, પુખ્ત વિચારણા અંતે રાજ્ય સરકાર નીચે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવાનું આથી ઠરાવે છે.

<u>ઠ રા વઃ</u>-

હાલ શિક્ષકોના પગારનો ખર્ચ મુખ્ય સદર ૨૨૦૨-સામાન્ય શિક્ષણ, (૦૧) પ્રારંભિક શિક્ષણ, (૧૦૬) શિક્ષકો અને અન્ય સેવાઓ, (૦૬) પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન, (૦૦) (૩૧૩૧) સહાયક અનુદાન

પંચાયતોને ડિમાન્ડ નંબર-૯ નોન પ્લાન, સદરે ઉધારી જે તે જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તરફથી શિક્ષકોને પગાર ચૂકવવામાં આવે છે. હવે પછી SSA હેઠળ મંજૂર થતા વિદ્યાસહાયકો/શિક્ષકોના પગાર ઉધારવાની અને તેનું યુ.ટી.સી. આપવાની તેમજ સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગરના ફંડમાંથી રાજ્ય સરકારના ફંડમાં ગ્રાન્ટ જમા કરવાની કાર્યપદ્ધતિ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) સર્વ શિક્ષા અભિયાનની જિલ્લાની કચેરીઓ દ્વારા જે તે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયતને શિક્ષકોના પગાર માટે સર્વ શિક્ષા અભિયાનમાં ખર્ચ પાડી ચેક આપેલ હોય તો તે ચેક જેટલી રકમ જિલ્લા પંચાયતે સર્વ શિક્ષા અભિયાનની જિલ્લાની કચેરીને તાત્કાલિક પરત કરવાની રહેશે.

(૨) સર્વ શિક્ષા અભિયાનની જિલ્લા કચેરીઓએ હવે પછી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગતના શિક્ષકોના પગાર ચૂકવવા અંગે કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહિ.

(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણએ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મંજૂર થયેલ જગ્યાઓ ઉપર જિલ્લાવાર નિમાયેલ વિદ્યાસહાયકો/શિક્ષકોની સંખ્યા અને પગારખર્ચની વિગતો સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાનની કચેરીને મોકલી આપવાની રહેશે.

(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણર દ્વારા મળેલ વિગતોના આધારે જરૂરી કાર્યવાહી કરી સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગરની કચેરીએ ડિસેમ્બર-૨૦૧૦ સુધીના પગારની રકમની ગણતરી કરી, તેટલી રકમનો ચેક નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને આપવાનો રહેશે. ત્યાર બાદ દર ત્રણ માસના અંતે સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગરની કચેરીએ શિક્ષકોના એડવાન્સ પગારની રકમના ચેક નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરને આપવાના રહેશે. આ વ્યવસ્થા હવે પછીના નાણાંકીય વર્ષોમાં પણ ત્રિમાસિક ચૂકવણીના ધોરણે ચાલુ રહેશે.

(૫) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરને આ ચેક ચલનની નીચે જણાવેલ સદરે જમા કરાવવાનો રહેશે. અને ચલનની નકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગર તેમજ સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગરને મોકલવાની રહેશે.

૦૨૦૨ એજ્યુકેશન, સ્પોર્ટસ, આર્ટ એન્ડ કલ્ચર
(૦૧) જનરલ એજ્યુકેશન
(૧૦૧) એલીમેન્ટરી એજ્યુકેશન
(એ) અધર રિસીપ્ટ

(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગરને ચાલુ વર્ષના સુધારેલ (રિવાઇઝડ) બજેટમાં તેમજ ત્યાર પછીના વર્ષોના બજેટમાં હાલની પ્રક્રિયા મુજબ તમામ વિદ્યાસહાયકો/શિક્ષકોના પગાર ખર્ચ અંગે સદર-૨૨૦૨ સામાન્ય શિક્ષણ, (૧) પ્રારંભિક શિક્ષણ, (૧૦૬) શિક્ષકો અને અન્ય સેવાઓ, (૦૬) પ્રાથમિક શિક્ષણ માટે નિભાવ અનુદાન, (૦૦) (૩૧૩૧) સહાયક અનુદાન પંચાયતોને ડિમાન્ડ નંબર-૯ નોન પ્લાન, સદર બજેટની પૂરેપૂરી જોગવાઇ ચાલુ રાખવાની રહેશે. અને સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મંજૂર થયેલ વિદ્યાસહાયકો/શિક્ષકોના પગાર અંગે જે ગ્રાન્ટ મળનાર હોય તે માટે નીચેના આવર સદરે બજેટ જોગવાઇ કરવાની રહેશે.

૦૨૦૨ એજ્યુકેશન, સ્પોર્ટસ, આર્ટ એન્ડ કલ્ચર
(૦૧) જનરલ એજ્યુકેશન
(૧૦૧) એલીમેન્ટરી એજ્યુકેશન
(એ) અધર રિસીપ્ટ

(૭) નાણાંકીય વર્ષના અંતે સંબંધિત જિલ્લા પંચાયતો દ્વારા વર્ષ દરમ્યાન SSA હેઠળના વિદ્યાસહાયકો/શિક્ષકોના થયેલા ખર્ચનું યુ.ટી.સી. તૈયાર કરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ પ્રાથમિક શિક્ષણ નિયામકની પ્રતિસહી કરાવીને સર્વ શિક્ષા અભિયાનની કચેરીને મોકલી આપવાનું રહેશે.

(૮) શિક્ષકોની સંખ્યામાં વધઘટ થાય કે તેમના ફીક્સ પગારમાં વધારો થાય અથવા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મંજૂર થયેલા શિક્ષકોને ફીક્સ પગારને બદલે પૂરો પગાર ચૂકવવાનો થાય તો તેની સર્વ શિક્ષા અભિયાનના બજેટમાં જોગવાઇ કરી શકાય તે માટે જે તે વર્ષના આગળના વર્ષના ડિસેમ્બરમાં આ અંગેની લેખિત દરખાસ્ત જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડનેટર/ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓએ પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગર મારફતે સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગરને અચૂક મોકલવાની તકેદારી રાખવાની રહેશે.

(૯) ઠરાવમાં જણાવેલ ઉક્ત જોગવાઇઓ સર્વ શિક્ષા અભિયાન હેઠળ વર્ષ-૨૦૦૯ અને વર્ષ-૨૦૧૦માં મંજૂર થયેલ જગ્યાઓ ઉપર નિમાયેલ તથા આગામી વર્ષોમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મંજૂર થનાર જગ્યાઓ ઉપર નિમાનાર વિદ્યાસહાયક/શિક્ષકોને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- નામ.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/માન.રા.ક.મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન.મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી(શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી.
- સચિવશ્રી(પ્રા.શિ.)ના રહસ્ય સચિવશ્રી.
- સચિવાલયના તમામ વિભાગો.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સંયુક્ત સચિવશ્રી,(બજેટ)શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., સેક્ટર-૧૨, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.આઇ.ઇ.ટી., અમદાવાદ.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
  - કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
  - કમિશ્નરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
  - નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
  - વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
  - તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ,
  - તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
  - તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી મારફત)
  - સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત
  - નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
  - માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિદ્ધિ અર્થે.
  - શિક્ષણ વિભાગની સર્વે શાખા.
  - કોમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઓન લાઇન મુકવા સારૂ)
  - સિલેક્ટ ફાઇલ.